સીનેસ્ટોરી

●

"શયદા"

૧૯૩૯

●

મુદ્રક

હરજી લવજી દામાણી

મુદ્રણસ્થાન

બે ઘડી મોજ આર્ટ પ્રેસ

૧૨, ૧૪, બેકહાઉસ લેન,

કોટ, મુંબઈ.

ટૂલેટ........

કોલેજના પાછલા ભાગમાં શાન્તિ અને અન્ય કોલેજીયનો આનંદ કરી રહ્યા છે.

એટલામાં કોલેજનો માણુસ આવી ખબર આપે છે કે 'શાન્તિ, તમારો ફોન છે.' શાન્તિ કોલેજ હોલમાં આવે છે. અને ફોન પર વાતો કરતાં પોતાનો પિતા શામળદાસ બીમાર છે, એની ખબર પડે છે. શામળદાસ શાન્તિને જલ્દી ઘેર આવવા કહે છે, અને શાન્તિ ઘેર આવવા નીકળે છે, દરવાજા પર બાળયોગી મળે છે શાન્તિ કહે છે "યોગી, ટૂલેટ. હું ઘેર જઇ રહી છુ." યોગી "મને રસ્તામાં મુકી દેજો" કહી મોટરમાં સાથે બેસે છે. (વાતચીત.)

ઘરે આવી પોતાના પિતાની તબીયતના સમાચાર પુછે છે. શામળદાસ હસીને કહે છે. "કાંઇ ચિન્તાનું કારણુ નથી. તું જરા ડોકટર શાન્તિદાસને ફોન કર કે એ આવી જાય. મારી નાડ એણે બરોબર જાણી લીધી છે, ડોકટર શું છે! દેવ છે દેવ."

શાન્તિના મુખમાંથી શબ્દો સરી પડે છે. "ડોકટર શું છે! દેવ છે." શાન્તિ ડોકટરને ફોન કરવા જાય છે, ત્યાં તેને એની ભાભી સ્નેહલતા મળે છે અને પુછે છે "ફોન કરવા જાવ છોને?"

"જી."

"તમારે બીજો ધંધો જ નથી."

"શું કહ્યું ??"

સ્નેહલતા : "જ્યારે જુઓ ત્યારે ફોન. ફોન, ફોન. શાન્તિ, અમો પણ પરણ્યા છીએ પણ તમારી માફક

નહોતાં કરતાં"

શાન્તિ "પણ પિતાજીની તબીયત સારી નથી માટે હું ફોન કરવા જાઉં છું."

સ્નેહલતા : "હા, ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. ફોન કરવો જ હતો ત્યાં પિતાજીએ આજ્ઞા કરી; હવે પેટ ભરીને પ્રેમની વાતો કરો."

ત્યાં અંદરથી અવાઝ આવે છે.

"લતા"

શાન્તિ : "જાવ, જાવ, મારો ભાઇ બોલાવે છે. જાવ તમે પણ પ્રેમની વાતો કરો."

આટલી વાત પછીથી શાન્તિ ફોન પર આવે છે, પિતાની તબિયત ખરાબ છે એવા સમાચાર ફોનથી ડોકટર શાન્તિદાસને આપે છે. ડોકટર શાન્તિ સાથે વીનોદ કરતાં શાન્તિની તબિયત પુછે છે. પ્રેમની વાતો થાય છે. અને ડોકટર શાન્તિને ઘેર આવવા નીકળે છે.

ડોકટર આવે છે. શામળદાસની તબીયત તપાસે છે. "મોટાની બીમારીમાં કશો દમ હોતો નથી." એમ કહી હસે છે અને ઇંજેકશન આપે છે, પછીથી શાન્તિ અને ડોકટર ઓરડામાં આવે છે.

શાન્તિ કહે છે; "પિતાજી કહેતા હતા કે "આપ ડોકટર નથી."

"ત્યારે ??"

"દેવ છો." આમ બોલી શાન્તિ, ડોકટરનો હાથ પકડતાં કહે છે, દેવ."

"શાન્તિ." આ પછી ડોકટર પુછે છે.

"કાલે તો તમારી કોલેજનું ગેધરીંગ છે ?"

'હાજી, આપ આવશો ને ?"

"જરૂર આવીશ." ડોકટર કબુલાત આપી ટોપી પહેરે છે અને વિદાય થાય છે. શાન્તિ તેને દાદર સુધી વળાવવા જાય છે. અને ડોકટરની મોટરને ગલેરીમાંથી હાથ હલાવી હલાવી વીદાય આપે છે. પાછળ ફરતાં જ સ્નેહલતા દેખાય છે અને કહે છેઃ—

"દીલના દેવ ગયા ?"

"બસ, ભાભી બસ કરો."

"બસ કરવાનું શા માટે કહે છો ? મને પણ તમારા આનંદમાં ભાગ લેવાનો અધિકાર છે."

"આનંદનું અજીરણ સારૂં નથી."

"ઠીક પણ અમોને લઇ જશો કે નહીં ?"

"કયાં ?"

"કાલે કયાં જવાનાં છો."

"તમે જજો તમારા સાથે."

"અને તમે......" શાન્તિ શરમાય છે. શાન્તિને શરમાતાં જોઇ.

'વાહ વાહ શું શરમનો સાગર છલકે છે ! દેવને આલિંગન આપી ભીસી નાંખો છો ત્યારે શરમ નથી આવતી ? સ્નેહલતા શાન્તિને છાતી સાથે ચાંપી ખુબ ભીંસે છે.

"ઓ.........મા."

કોલેજનો ગેધરીંગ હોલ.

સ્ત્રી પુરૂષોનું હોલમાં આવવું. વ્યવસ્થાપકોની દોડધામ ધીરે, ધીરે ગેધરીંગ હોલ પ્રેક્ષકોથી ભરપુર.

પ્રથમ ગાયન, બાદ નૃત્ય અને તે પછી નાનાં નાટકો. નાટિકામાં—

મધુરિકા પાસે મનમોહનનું આવવું થોડી પ્રેમની વાતચીત પછી લગ્નની માંગણી.

મધુરિકાએ કહ્યું "ટૂલેટ"
અને મનમોહનનું નિશ્વાસ નાંખી ચાલ્યા જવું.

મધુરિકાનું બીજી તરફ ફરવું. ડોકટરનું આવવું બંનેના નયનમિલન. મધુરિકાનું મંદમંદ હસવું. ડોકટરનો પણ હસીને ઉત્તર આપવો. મોઢા બંધ. નયની વાતો.

"કોઇ સમજે કે ન સમજે શું થયું ?

આંખ મળતાં આંખ સમજી જાય છે."

તે પછી થોડી પ્રેમની વાતો. મધુરિકાની ડોકટર પાસે પ્રેમ લગ્નની માગણી. ડોકટરનો જવાબ "ટૂલેટ ?"

મધુરિકાનું હતાશ થવું. સામો સવાલ "ટૂલેટ ?"

"હા."

"કારણ ?"

હું પરણેલો છું. એક બાળક છે. એકને માટે ત્રણ જીવનની આહુતી આપી શકતો નથી.', મધુરિકાએ નિશ્વાસ નાખવા, કપાળ પર હાથ દેવો, અને ઓ "દેવ" કહી બેહોશ થવું.

નાટિકાનો અંત અને બધા પ્રેક્ષકોનું વીખરાવું.

●

ડોકટર શાંતિદાસ અને શાન્તિનું એક મોટરમાં ઘેર આવવું.

ઘેર આવતાં બાળયોગીની ચીઠ્ઠી આવવી ચીઠ્ઠીમાં લગ્નની માગણી. શાન્તિનું હસવું. અને ઉત્તરમાં લખવું—

"આજની નાટિકા નથી જોઇ ? ટૂલેટ."

બાળયોગીને ચીઠ્ઠી મળવી અને ચીઠ્ઠી વાંચતાં બાળયોગીનું બોલી ઉઠવું.

"ટૂલેટ !"

રાત્રીના શાંતિદાસ અને શાન્તિની પ્રેમજંખના.

સવારમાં બાળયોગીની શાન્તિ સાથે વાતચીત, વાતચીતમાં શાન્તિએ કહ્યું.—

"તમારી ચીટ્ઠીનો ઉત્તર મલ્યો ?"

"હા. 'ટૂલેટ,' શાન્તિ ! ઠગાતો તો નથી ?"

"પ્રેમમાં ઠગાવું એ પણ એક લહાવો છે."

"વારૂ" આમ બોલી બાળયોગીનું જવું. યોગીના જવા પછીથી ડોકટરનો ફોન. અને સાંજના સાથે ફરવા જવાની એપોઇંટમેંટ............

*   *   *   *

ડોકટર અને શાન્તિનું ફરતાં ફરતાં બગીચામાં આવવું.

પ્રેમની વાતો અને પુષ્પકળીના ડંસ પર ચર્ચા. શાંતિદાસનું કહેવું:—

"ઝહેરી નાગનો ડંસ સારો કે તરત પ્રાણ જાય પુષ્પ-કુળાનો કરડેલો માણસ જીંદગી આખી રીબાયા કરે."

વાત વાતમાં શાન્તિની લગ્ન વીષે માંગણી. ડોક્ટરનો ઉડાઉ જવાબ અને ઘરે આવવું.

બાળયોગી પોતાની બહેનનો પત્ર વાંચતો હોય છે. એમાં પોતાની બહેન બીમાર રહયા કરે છે. બાળક પણ શાંતીદાસને બહુ યાદ કરે છે માટે એક વખત શાંતીદાસને દેશમાં આવવા સંદેશ હોય છે.........ડોક્ટર ફરીને આવે છે. યોગી તેને કાગળ વંચાવે છે શંતિદાસ કહે છેઃ-"હવે તો હંમેશ માટે દેશમાં જવાનું છે." "કારણ?"

"કારણ કે મારી નીમણુંક આં રાજ્યની હોસ્પીટલમાં હેડ સરજયન તરીકે થઈ છે."

એજ વખતે શાન્તિનો ભાઇ છાપામાં આવેલ ખબર શાન્તિને વંચાવતાં કહે છે-

"હા ખરી વાત. જો ડોક્ટરની નીમણુંક વિષે આ પેપરમાં ખબર છે અને મિત્રોએ ડોક્ટરના વીદાયમાનમાં પાર્ટી પણ ગોઠવી છે."

શાન્તિથી બોલી જવાય છે—

"શું એ જવાના છે?"

શાન્તિ અને તેના પિતા વચ્ચે ડોક્ટરના જવા વિષે વાતચીત.

શામળદાસનું શાન્તિને કહેવું-

"જવું હોય તો ભલે જાય પણ તારી સાથે લગ્ન કરી તને પણ સાથે લેતો જાય."

શાન્તિએ ડોકટરને મળી લગ્ન કરવાનો શામળદાસની સઘીયારો આપવો. એટલામાં પાર્ટીની આમંત્રણ પત્રિકા શાન્તિને મળવી. શાન્તિએ આથી પાર્ટીમાંજ લગ્નનો ખુલાસો ડોકટર પાસેથી મેળવી લેવા નક્કી કરવું.

* * * *

પાર્ટી માટેનો બગીચો.

ડોકટરના મિત્રોનું વિદાયમાન માટે જમા થવું. શાન્તિ અને શાંતિદાસની મુલાકાત. શાન્તિની લગ્ન માટે માગણી

શાંતિદાસનું કહેવું "ટૂલેટ,"

શાંતિનું હતાશ થવું અને સામે પડઘો કરતાં કહેવું,

"ટૂલેટ ?"

"હા. શું કોલેજની નાટિકા યાદ નથી ? તારો ઉત્તર તો તને ત્યાં જ મળી ગયો છે."

શાન્તિનું હતાશ થવું. પછીથી ભાષણોનો મેલાવડો. ડોકટરના વખાણ. ડોકટર રામના અવતાર છે એવો પડઘો. ડોકટરનું થરથરી ઉઠવું. એ પછી શાન્તિનું બોલવા ઉઠવું. ભાષણ કરતાં કરતા ડોકટર સારામાં સારા સરજયન છે અને રોગી હૃદય ચીરવામાં કુશળ છે. એવા માર્મીક મેણા મારવા. ડોકટરનું જવાબ આપતા કહેવું.

"મને ભગવાન રામની સાથે સરખાવવામાં આવ્યો છે પણ ભગવાન રામનું નામ લેતા ય હું તો કંપી ઉઠું છું. કયાં એ ભગવાન ! અને કયાં હું પામર, કયાં એ સ્વર્ગનાં દેવ અને કયાં હું નર્કનો કીડો. બીજી વાત કુમારી શાન્તિએ

હૃદય ચીરવાની વાત કરી છે. આ વાતનો એટલો જ ખુલાસો છે કે રોગી હૃદયને ચીરવા વીના રોગનો નાશ થતો નથી વી૦"

આમ ભાષણ પુરૂં થતાં શાન્તિને ગાયન ગાવાનું કહેવામાં આવે છે. શાન્તિ પહેલાં તો આનાકાની કરે છે પણ પછી—

'રામ તેરે દીલમેં હય, તું રામકો બદનામ ન કર.'

આ સંગિત સુમધુર કંઠે અને એવા જ સુંદર શબ્દો સાથે ગાય છે.

(ગાયનમાં અને ગાયનમાં સીન આઉટ થાય છે.)

* * *

શાન્તિ પોતાના બીછાનામાં પડી પડી રોઇ રહી છે. એટલામાં શામળદાસ આવે છે. શાન્તિને રડવાનું કારણ પુછે છે. શાન્તી રડતાં રડતાં કહે છે "એણે મને કહ્યું."

"શું કહ્યું ?"

"ડૂલેટ"

"ડૂલેટ !" આમ બોલતા શામળદાસ ગુસ્સામાં આવી ગયા અને પુછવા લાગ્યા.

"ડૂલેટ ? ડૂલેટનું કારણ ? ?"

"એ પરણેલો છે. એક બાળક પણ છે."

"એક બાળક છે ? સ્ત્રી છે ? અને તારી સાથે આવી બદમાશી ! આવી છેતરપીંડી ! તારા જીવનનો આવી રીતે નાશ !"

'હા પિતાજી."

"હું એને નહીં છોડું. હું એને મુંબઇથી નહીં જવા દઉં હું...હું..."

"પિતાજી !"

"હું એને કોર્ટમા ઘસડીશ. મારી આબરૂનો જવાબ માગીશ." "કોર્ટમાં !"

"હા તારી પાસે એના કાગળો છે ને ?"

"છે."

"તો ચાલ હમણુંજ આપણા સોલીસીટરને ત્યાં ચાલ."

"સોલીસીટરને ત્યાં જવા કરતાં અહીંજ એને બોલાવોને."

"હા એ પણ ઠીક છે."

શામળદાસે ફોન કરી સોલીસીટરને બોલાવવો અને બધી વાત કરી સવારે નોટીસ આપવા સોલીસીટરને કહેવું સોલીસીટરનું જવું.

"ઇન્ટરવલ"

શાન્તિએ ડોકટરને ફોન કરવો એજ વખતે બાળયોગી ત્યાં હાજર હોવાથી ફોન બાળયોગીએ લેવો. ફોનમાં શાન્તિનું કહેવું. "હવે કોર્ટમાં ઉત્તર આપવા તૈયાર રહેજો" બાળયોગીનું મુંઝાવું અને તરતજ ત્યાંથી શાન્તિ પાસે આવવું. શાન્તિ સાથે બાળયોગીની વાતચીત—

"શાન્તિદાસ મારો બનેવી છે."

"તો મને અત્યારસુધી અંધારામાં કેમ રાખી ?"

"મને વાત કરવાનો અવસર જ કયાં આપવામાં આવ્યો છે ?"

મારા માટે તો એકજ બોલ હતો "ટ્રૂગ્રેટ." બાળયોગીની ચોખવટ, પછીથી કહેવું:—

"પ્રેમનો ન્યાય કોર્ટથી નથી મળતો પ્રેમનો ન્યાય હૃદયથી મળે છે. કોર્ટમાં જઇ દુનીયામાં બેઇજ્જત થવું અને બેઇજ્જત કરવા એ પ્રેમનો ધર્મ નથી. એ કાંઇ વેપાર નથી.

"વેપારનો દાવો હોય. હૃદયનો દાવો ન હોય. તે હૃદય આપી દીધું, આપી દીધું ! પ્રેમ આપી દીધો; આપી દીધો ! હવે કોર્ટમાં જઇ પ્રેમને બદનામ કરવો એ પ્રેમનો ધર્મ નથી. પ્રેમીનો ધર્મ છે ત્યાગમાં."

"હું સ્ત્રી છું."

"માટેજ તું વધારે બદનામ થશે લોકો ડોકટર કરતાં તને વધુ બદનામ કરશે."

"તો હું શું કરું ?"

"કોર્ટમાં જવાનું છોડી દે. પ્રેમનિરાશા એ પણ એક લહાવો છે. આમ ઘણી વાતો સમજાવતાં શાન્તિ ખરી વાત સમજે છે. શાન્તિને સમજાવી બાળયોગી જાય છે. એના જવા પછી શાન્તિ ડોકટર તરફના આવેલ બધા કાગળો બાળી નાખે છે. એટલામાં શામળદાસ આવે છે, બળતા કાગળો જુવે છે શાન્તિને "શું બાળે છે ?" એવો પ્રશ્ન કરે છે. શાન્તિ કહે છે "મારું હૃદય."

શામળદાસ ખરી વાત સમજી જાય છે અને શાન્તિ ઉપર ક્રોધે ભરાય છે. ક્રોધમાં અને ક્રોધમાં શામળદાસ શાન્તિને ઘરમાંથી બહાર કાઢે છે. અને કહે છે "જીવતાં સુધી તારું મોઢું મને બતાવીશ નહીં."

શાન્તિને ઘરમાંથી ધક્કો મારી કાઢે છે શાન્તિ પછડાય છે અને છાતીમા હૃદયપર જખમ થાય છે. રૂધીર નીકળે છે શાન્તિ હૃદય દબાવી ત્યાંથી ચાલી નીકળે છે."

સ્નેહલતા મેંણા મારતા કહે છે "હવે પ્રેમનો લ્હાવો લીધો?"

*　　　*　　　*

બાળયોગી, પોતાના રૂમમાં શાન્તિના ફોટા પર ફુલ ચડાવી રહયો છે.

"મારી દેવી."

શાન્તિ આ દેખાવ જુએ છે. જોતાં જોતાં હતાશ થાય છે પોતાનું હૃદય પડી લે છે. ત્યાં બાળયોગી ફુલ ચડાવતાં બોલે છે.

"દેવી."

દેવી શબ્દ સંભળતા શાન્તિ કહે છે.

"હું દેવી નથી ડાકણ છું."

"કોણ કહે છે?"

"મારૂં પાપ."

"પાપ?, તેં શું પાપ કર્યું?"

"શું પાપ કર્યું? તમે નથી જાણતા યોગી?"

"યોગીની નજરમાં પાપ જેવી વસ્તુ નથી."

"તો હું શુ પુણ્યશાળી છું."

"અવશ્ય, તેં જે કાંઇ કર્યું તે શું પાપ સમજીને કર્યું છે? તું શું પાપના પડછાયા પાસે પણ ગઇ છે?"

"નહિં."

"પછી તું પાપી ક્યારે થઇ? શાંતિ, પ્રેમ કરવો એ કાંઇ પાપ નથી. તું તો ડોકટરને નીર્મળ હૃદયથી ચાહતી હતી."

"હા, અને તેનું પરિણામ એ આવ્યું કે હવે સંસારમાં મારા માટે કોઇ સ્થાન જ નથી"

"સ્થાન જ નથી?!"

"ના, મને મારા પિતાએ ઘરમાંથી ધકકા મારીને કાઢી છે હું સર્વથી તજાયેલી, વેરાન જંગલમાં લુંટાયેલી ક્યાં જાઉં.

"મારી સાથે ચાલ."

"તમારી સાથે !"

"હા તું મારી છો."

"પણ તમે મારા નથી."

"હું તારો છું કે નહી? એની પરવા નથી મને તો મારા કર્તવ્યની પરવા છે. મેં તને મારી સ્ત્રી નથી માની. દેવી માની છે. તુંજ મારી દેવી છો."

"ઓહ યોગી."

"હું પણ જવાનો છું."

"ક્યાં ?"

"ડોકટર સાથે."

"ડોકટર સાથે ?"

"હા, એ મારા બનેવી છે હું જાઉં છું. તું પણ ચાલ."

"તમે આ શું કહો છો ?"

"હું ઠીક કહું છું."

"આજ સાંજના મેલમાં અમો જવાના છીએ તું પણ આવજે."

"પણ આવું કેવી રીતે ?

"સમજ્યો." આમ બોલી બાળયોગી ખીસામાં હાથ નાંખે છે અને વીશ રૂપીયાની બે નોટો શાંતિને આપે છે.

"ઓહ આ શું રૂધીર ? આવ હું પાટો બાંધું"

શાંતી કહે છે "આ હૃદયનો ઘા તમે રૂઝવી નહી શકો"

યોગી ઘા પર પાટો બાંધે છે

ડોકટરને ત્યાં બાળયોગી સામાન બાંધતો હોય છે.

યોગી અને ડોકટરનું સ્ટેશન પર આવવું. ડોકટર ફર્સ્ટ કલાસમાં બેસે છે. યોગીનું થર્ડમાં બેસવા માટે જગ્યાની શોધમાં આમતેમ ફરવું એટલામાં શાન્તિને મળવું બન્નેએ થર્ડ કલાસમાં બેસવું. રસ્તામાં શાન્તિનું પુછવું—

"ત્યાં આવી મારે ઉતરવું ક્યાં ?"

"ત્યાં ? ત્યાં એક મહીલા આશ્રમ છે મારી બહેન આશ્રમની પ્રમુખ છે. તું સ્ટેશનથી નીકળી સાંજના વખતે ઘરે આવ ને મારી બહેન તને મહીલા આશ્રમમાં રાખી લેશે.

*   *   *   *

મણીનગરમાં ડોકટરની સ્ત્રી પદમાવતી પોતાના બાળક સાથે આનંદ કરી રહી છે અને આવતી કાલે ડોકટર આવનાર છે એની ખુશાલી. આખા ઘરના માણુસો સાથે તરેહ તરેહનો વાણી વીનોદ કરે છે.

ડોકટરનું આવવું ડીઝોલ ચાહ નાસ્તો. બપોરનું ભોજન.

*   *   *   *

સાંજના પદમાવતી પોતાના બાળકને રમાડી રહી છે. એક છબી બતાવી રહી છે એટલામાં ડોકટર આ આનંદ ચેષ્ટા આતુર આંખે જોઇ રહે છે. પછી પુછે છે.

"શું થઇ રહયું છે ?"

"બાબુને બે રામ બતાવું છું."

"બે રામ, બે રામ તો નથી સાંભળ્યા. હા એક રામની કથા યાદ છે.

"લ્યો એક રામ તો ભગવાન રામ અને બીજા રામ તે તમે મે

"હું ?"

"હા, તમારી જીવન રેખા રામના જેવી નીષ્કલંક છે" નીશ્વાસ નાંખતાં "હા નીશકલંક છે" એટલામાં માણુસ આવી પદમાવતીને ખબર આપે છે.

"કોઇ બાઇ દુઃખની મારી આવી છે"

"બોલાવ"

ડોકટર અંદર કપડાં બદલવા જાય છે અને શાન્તિ પદમાવતી પાસે આવે છે.

"કોણ છો તમો ?"

શાન્તિની આંખમાંથી આંસુ નીકળી પડે છે. એટલામાં ડોકટર ત્યાં આવે છે. પદમાવતી શાન્તિને પુછે છેઃ—

"તમારો પતિ નથી"

"મારો પતિ રાત દિવસ મારી નજર સામે જ છે પણ હું એની આંખથી ઉતરી ગઇ છું."

"તમે કાંઇ અપરાધ કર્યો હતો?"

"હા"

"શું ?"

"નીર્મળ પ્રેમથી ચહાતી હતી તે"

"એમાં તમારા પતિએ તજી દીધી ?"

"હા."

"એમ ન બને તમે જરૂર કાંઇ અપરાધ કર્યો હશે" શાંતિની નજર ડોકટર સામે જાય છે. ડોકટર થરથરે છે પદમાવતી કહે છે "બહેન, પતિ એ તો પત્નિ માટે રામનો અવતાર છે.

"હું પણ એમ જ સમજતી હતી પણ નહોતી ખબર કે એ રામ નહિં પણ રામની કાગળની તસ્વીર હતી જેને લોકો ચાર ચાર પૈસે વેચે છે."

ત્યાં બહારથી ફેરીઓ બુમ મારે છે, "ભગવાન રામની તસ્વીર ચાર પૈસા"

પદમાવતી કહે છે, "તમારી પતિ ભકતી એટલી કાચી, નહિંતર એ કાગળની તસ્વીર પણ ભગવાન રામની તસ્વીર થઇ શકે છે, ભાવના જોઇએ, ભકતી જોઇએ.

શાંન્તિ ચુપ રહે છે.

"તમોને શું જોઇએ છે ?"

"મહિલા આશ્રમમાં રહેવાનું."

ડોકટર તરતજ કહે છે, "ત્યાં તમારા જેવી રખડતી સ્ત્રી માટે

સ્થાન નથી."

"રખડતી ! હું રખડતી !! મને રખડતી કોણે કરી ?? અરેરે કાલે તો પતિના હૃદયમાં મારૂં સ્થાન હતું. આજે ધર્મશાળામાં પણ મારૂં સ્થાન નથી."

શાન્તિ રડે છે. પદમા કહે છે "રડો નહિં બહેન તમોને આશ્રમમાં અવશ્ય સ્થાન અપાવીશ"

શાન્તિ હૃદય પકડી લે છે અને છાતીનો જખમ પાછો તાજો થાય છે.

*　　　*　　　*

આશ્રમમાં શાંન્તિ સર્વની સાથે ગળી ગઇ. શાંતિની સર્વ કોઇ ઇજ્જત કરે છે. શાંતિના સંગીત પર સર્વ કોઇ વારી વારી જાય છે.

આજે આશ્રમની બાળાઓમાં એક પ્રકારનો આનંદ થઇ રહયો છે. બધી બાળાઓ શાન્તિને ગાવા માટે લાચાર કરે છે. શાન્તિ ગાય છે. એટલામાં પદમાવતી પોતાના બાળક સાથે આશ્રમમાં આવે છે. ગાયન પળ વાર માટે બંધ થાય છે. પદમાવતી શાન્તિને ગાવાનો આગ્રહ કરે છે. શાન્તિ ફરી ગાયન શરૂ કરે છે. પદમાવતીના બાળકને આ ગાયન બહુ જ ગમે છે. એથી એ શાન્તિને વારેવારે ગાવાની ફરજ પાડે છે. તે પછી બીજી ત્રીજી વાતોમાં પદમાવતી શાન્તિના ચારિત્ર્ય વિષે સારો અભિપ્રાય સાંભળે છે. અને એથી એની ઇચ્છા બાળયોગી અને શાંતીને લગ્નગ્રંથીથી જોડવાની થાય છે. મનમાં શાન્તિને ભાભી બનાવી પદમાવતી ઘરે આવે છે. ઘરે આવતા બાળયોગી સાથે મુલાકાત થાય છે. પદમાવતી ભાઇને ભાવભીના શબ્દોથી લગ્નનીવધામણી આપે છે, બાળયોગી પુછે છે : કન્યા કોણ છે ? પદમાવતી શાન્તિનું નામ આપે છે. બાળયોગી વીચારમાં પડે છે. જયારે પદમાવતી બહુ જ આગ્રહ કરે છે, ત્યારે બાળયોગી એટલુ જ કહે છે "ટૂંકેટ"

પદમાવતી આ વાત ડોકટરને કહે છે. અને બાળયોગી-ને સમજાવવા વાનંતી કરે છે.

ડોકટર બાળયોગીને શાન્તિ સાથે લગ્ન કરવા સમજાવે છે. બાળયોગી કહે છે, "શરમ નથી આવતી ? શાંતિ કોણ છે ? ડોકટર કહે છે " કોણ છે ?"

આપની સ્ત્રી. મારી બહેન. શું તમો બહેન સાથે મને પરણાવવા માગો છો ? ? શરમ કરો. શરમ કરો."

ડોકટર શરમથી નીચું જોઇ જાય. છે.

●

બીજે દહાડે પદમા ફરી બાળયોગીને એક જ જવાબ આપે છે "ટૂલેટ."

*　　　*　　　*　　　*

બાળકની હઠથી શાન્તિને ઘરે બોલાવામાં આવે છે. શાન્તિ આવે છે. બાળકને બહુજ પ્યાર કરે છે. બાળક કહે છે—

"તમોને જોતાં હું મારી માતાને પણ ભુલી જાઉં છું. જાણે તેમ જ 'મારીમાતા'. શાન્તિ બાળકને અતુલ પ્યાર કરે છે. ગાયનથી એને રીજવે છે. એટલામાં પદમાવતી ત્યાં આવે છે. શાન્તિ સાથે વાતચીત થાય છે. વાતવાતમાં પદમાવતી શાન્તિને કહે છે કે, "હું તમોને સુખીકરવા માંગુ છું 'તમો લગ્ન કરી લ્યો."

"કોની સાથે ?"

"મારા ભાઇ બાળયોગી સાથે"

"તમે યોગીને પુછયું ?"

"હા"

" એ શું કહે છે ?"

"કહે છે કે ટૂલેટ"

"તો મારો પણ એ જ ઉત્તર છે"

"શું ?"

"ટ્રૅટ"

આમ કહેતાં, કહેતાં ફરી હૃદયના જખમ પર હાથ જાય છે. એટલામાં બાળ કહે છે, "હું એમને કોઇની સાથે નહિં પરણવા દઉં, એ તો મારી માતા છે."

બાળકના મનમાં આવેલ આવા વીચારનો પદ્માવતી વીચાર કરે છે પણ કંઇ અનુમાન કરી શકતી નથી. નીરાશામાં શાંતિનો છાતીનો જખમ પાકે છે અને ઓપરેશનની જરૂર પડે છે. ઓપરેશન માટે ડોક્ટર શાંતીદાસ આવે છે અને શાંતિના જખમને જોતાં કહે છે—

"આ તો હૃદય પર છે."

"હા, તો તમે હૃદયને ચીરી નાંખો."

"બરોબર હું હૃદયને ચીરી જોઉં કે મેં તારા હૃદયમાં ક્યાં ક્યાં નાસુર પાડયાં છે? ક્યાં ક્યાં દાવાનળ સળગાવ્યો છે? ક્યાં ક્યાં દાગ દીધા છે? એ જોવાનો હક મારા સીવાય બીજા કોનો છે???"

"એમ ના બોલો દેવ, તમો મારૂં હૃદય ચીરીને જુઓ? હજુ તમારો પ્રેમ ત્યાં ઉછાળા મારી રહયો છે. તમારી મુર્તિ મારા હૃદયમાં બીરાજી રહી છે. તમારો સ્નેહ—"

"મારો સ્નેહ કે કપટજાળ?"

"શા માટે મને દુઃખી કરો છો? હું તમારા કપટને કપટ માનતી નથી. હું તો એને નિર્મળ પ્રેમ જ માનતી આવી છું. અને માનતી રહીશ તમે ભલે મારૂં હૃદય ચીરો, ભલે મૃત્યુ થાય. એવા મારા ભાગ્ય ક્યાંથી કે હું તમારા હાથે મરણ પામું.

ડોકટર શાન્તિના જખમને જોઇ રહે છે શાન્તિ ધીરેથી બોલે છે—

"મેરે જખ્મે દીલકા મુકદ્દર તો દેખો
નીગાહોંસે ટાંકે દીએજા રહે હૈ"

પછીથી ઓપરેશન થાય છે. શાન્તિને ઓપરેશન પછી નીંદ પણ આવી જાય છે.

પદમા અને તેનો બાળક શાન્તિને મળવા આવે છે. બાળક મમતા બતાવે છે, ગાયન ગાવા કહે છે. શાંતિ કહે છે

"હુ સારી થઇશ ત્યારે પેટ ભરી તને સંગિત સંભળાવીશ."

*　　*　　*

"શાંતિ સારી થાય છે અને ત્યાં પદમાવતી બીમાર પડે છે. પદમાની સારવાર કરવા શાન્તિ આવે છે.

શાન્તિની સેવાથી પદમાવતી બહુ જ સંતોષ પામે છે એ જ રીતે પદમાવતીના બાળકને શાન્તિ પોતાનો બાળક સમજી એને લાડ લડાવે છે. આ દ્રષ્ય ડૉકટર વખતો વખત જુએ છે અને પોતાના મનમાં પસ્તાવો કર્યા કરે છે.

એક વખત શાંતી સાથે ડૉકટરને વાતચીત થાય છે. ડૉકટર શાંતિને કહે છે—

"શાન્તિ તું મને માફ નહી કરે."

"કોણ ? હુ ?"

"હા, મેં તારી શાંતિને બાળી નાંખી છે. તારા હૃદય..."

"મારા હૃદયને ચીરી મારો રોગ તમે દુર કર્યો છે"

"અને હવે હું રોગી થયો છું. મારૂં હૃદય ચીરી જોનાર કોઇ નથી"

"એમ શા માટે બોલો છો ?"

એમ શા માટે બોલું છું ? શાન્તિ તું શાંતિની મુર્તિ છે. મેં તારા સર્વસ્વનો ભોગ લીધો છે છતાં તું એ વાત જાણે જાણતી નથી એવી રીતે મારી ઇજ્જત બચાવી રહી છે"

"તમારી ઇજ્જત નહિ"

"ત્યારે ?"

"હું મારી ઇજ્જત બચાવી રહી છું. શાન્તિદાસ પ્રેમ બદનામ કરવા માટે નથી"

"તારા આવા વિશાળ હૃદયની હું શી કદર કરૂં ? ?"

"એ જ કે મરતાં સુધી મને આ એ ઘરમાં રહેવા દયો"
"જો પદમાવતી મરણ પામે તો......"

"શરમ નથી આવતી ?? જે તમોને ભગવાન રામન અવતાર ગણે છે, એને તમે આવો બદલો આપો છો તમો જાણો છો ??"

"શું ?"

"પદમાબહેનની સેવામાં મને સ્વર્ગનો આનંદ મળ રહયો છે. તમારા બાળકના કાલાકાલા વેણ સાંભળતા મં કોઇ દૈવવાણી યાદ આવે છે. આહ કેટલું સુખ ! કેટ: આનંદ ! કેવો સમય !

એટલામાં બાળક દોડતાં આવતાં:

'શાન્તિ, શાન્તિ, ચાલો. ચાલો માને કાંઇક થઇ ગયું છે' શાન્તિ અને ડોકટર પદમાવતી પાસે આવે છે, પદમાવતી શાન્તિ અને ડોકટર જોઇ રહે છે, ડોકટર પદમાની આ સ્થીતિથી બેબાકળો થાય છે, અને પદમાને કહે છે–

"પદમા, પદમા"

શાન્તિ "બહેન, બહેન"

પદમા આંખ ઉઘાડે છે અને ડોકટરને પુછે છે—

"નાથ એક વાત બતાવશો ?"

"શું ?"

"શાંતિ કોણ છે ?"

શાંતીદાસની આંખો શરમથી ઢળી જાય છે. પદમાવતી સમજી જાય છે અને "હાશ" કહીને આંખો સદાને માટે બંધ કરે છે.

શાંતીદાસ અને શાંતિ બંને બેઠા છે. શાંતીદાસ કહે છે,

"શાંતિ—હવે ?"

"શાન્તિ શાન્તિદાસના બાળકને છાતી સરસો ચાંપી કહે છે— "દૂલેર"